પોલીસ કમિશ્નરની કચેરી, અમદાવાદ શહેર.
શાહીબાગ,અમદાવાદ
વિશેષ શાખા, કચેરી ટેલીફોન નં-૦૭૯૨૫૬૩૩૪૦૦.
Email:Spl1-ahd@gujarat.gov.in

## -: જાહેરનામું :-

ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ ના નં.૨) ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ:

ક્રમાંક: વિ.શા./જાહેરનામું/એ-સેકશન/પરમીટ/ ૫૧ /૨૦૨૦

વંચાણે લીધા:-

(૧) ગૃહ મંત્રાલય ભારત સરકારના હુકમ ક્રમાંક: 40-3/2020-DM-I(A) તા.૨૯/૦૮/૦૨૦ ના તથા;

(૨) ગુજરાત સરકારના હુકમ ક્રમાંક : જીજી/૫૩/૨૦૨૦/વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨ તા.૦૧/૦૯/૨૦૨૦ આધારે.

સમગ્ર દેશમાં COVID-19 ની અસરોને નિયંત્રિત કરવાના હેતુથી, આપત્તિ વ્યવસ્થાપન અધિનિયમ-૨૦૦૫ થી મળેલ સત્તા અન્વયે કેન્દ્રીય ગૃહ મંત્રાલયના તા.૨૪/03/૨૦૨૦ ના હુકમ ક્રમાંક: 40-3/2020-DM-I(A) થી સમગ્ર દેશમાં તા.૨૫/03/૨૦૨૦ થી ૨૧ દિવસ સુધી આવશ્યક સેવાઓ સિવાયની તમામ સેવાઓ મોકુફ રાખવામાં આવેલ. ત્યારબાદ કેન્દ્રીય ગૃહ મંત્રાલયના વખતો વખતના હુકમથી આ અવધિ તા.૩૧/૦૮/૨૦૨૦ સુધી લંબાવવામાં આવેલ.

રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન ઓથોરીટી (N.D.M.A.) ના દિશાનિર્દેશ અનુસાર કેન્દ્રીય ગૃહ મંત્રાલયના તા.૨૯/૦૮/૨૦૨૦ ના હુકમ ક્રમાંક 40-3/2020-DM-I(A) તથા ગુજરાત સરકારના ગૃહ વિભાગના હુકમ ક્રમાંક : જીજી/૫૩/૨૦૨૦/વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨ તા.૦૧/૦૯/૨૦૨૦ માં જણાવેલ નિર્દેશોના આધારે કન્ટેન્ટમેન્ટ ઝોનમાં તા.30/૦૯/૨૦૨૦ સુધી લોકડાઉનની અવધિ લંબાવવામાં આવેલ છે,તથા કન્ટેઇનમેન્ટ ઝોન સિવાયના વિસ્તારોમાં માર્ગદર્શક સુચનાઓ અનુસાર નિયત પ્રવૃતિ ચાલુ રાખવા હુકમ કરવામાં આવેલ છે.

આથી હું સંજય શ્રીવાસ્તવ, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા.૦૮/૧૧/૧૯૮૨ ના નોટીફીકેશન નં.જીજી/૪૨૨/સીઆરસી/૧૦૮૨/એમ તથા ગૃહ વિભાગના તા. ૦૭/૦૧/૧૯૮૯ ના સંકલીત જાહેરનામાં નં.જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને-૧૯૭૩ (૧૯૭૪ના નં.૨) ની કલમ-૧૪૪ મુજબ તા.૦૧/૦૯/૨૦૨૦ ના કલાક ૧૯/૦૦ વાગ્યાથી તા.30/૦૯/૨૦૨૦ ના કલાક ૨૪/૦૦ વાગ્યા સુધી જાહેરનામું પ્રસિધ્ધ કરી નીચે મુજબ હુકમ કરૂ છું:

## -:હુકમ:-

1. તા.30/૦૯/૨૦૨૦ સુધી કન્ટેઇનમેન્ટ ઝોન/માઇક્રો કન્ટેઇનમેન્ટ ઝોનમાં લોકડાઉન યથાવત રહેશે. ફકત આવશ્યક પ્રવૃતિઓને જ પરવાનગી રહેશે.

2. અમદાવાદ શહેરમાં શાળા, કોલેજો, શૈક્ષણિક અને કોચીંગ સંસ્થાઓ તા.૩૦/૦૯/૨૦૨૦ સુધી બંધ રહેશે.પરંતુ નીચે જણાવેલ પ્રવૃતિઓ ચાલુ કરી શકાશે:

a. ઓનલાઈન તથા ડિસ્ટન્સ લર્નિંગ ચાલુ રાખી શકાશે.

b. તા.૨૧/૦૯/૨૦૨૦ થી શહેરમાં શૈક્ષણિક સંસ્થાઓમાં ૫૦% શૈક્ષણિક તથા બિનશૈક્ષણિક સ્ટાફને ઓનલાઇન શિક્ષણ/Tele Counselling માટે બોલાવી શકાશે.આ બાબતે આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા બહાર પાડવામાં આવનાર SOP નું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

c. તા.૨૧/૦૯/૨૦૨૦ થી આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા બહાર પાડવામાં આવનાર SOP અનુસાર કન્ટેઇનમેન્ટ ઝોન સિવાયના વિસ્તારોમાં ધોરણ ૯ થી ૧૨ માં અભ્યાસ કરતા વિધાર્થિઓ સ્વૈચ્છિક ધોરણે શિક્ષકોના માર્ગદર્શન અર્થે વાલીની લેખિત પુર્વ મંજુરી મેળવી શાળાએ જઇ શકશે.

d. Skill Development Training Institutes તા.૨૧/૦૯/૨૦૨૦ થી આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા બહાર પાડવામાં આવનાર SOP અનુસાર શરૂ કરી શકાશે.

e. Technical & Professional programmes for Ph.D. & Other post Graduates કે જેમાં Lab or Experimental works જરૂરી હોય તે અંગે Department of Higher Education દ્વારા ગૃહ મંત્રાલયના પરામર્શમાં નિર્ણય લેવામાં આવશે.

3. સામાજિક, શૈક્ષણિક, રમત-ગમત, મનોરંજન,સાંસ્કૃતિક પ્રવૃતિઓ, ધાર્મિક/રાજકીય સમારોહ તથા Other congregation માં તા.૨૧/૦૯/૨૦૨૦ થી ૧૦૦ વ્યક્તિઓની મર્યાદામાં એકઠા થવાની છુટ face cover, social distancing, thermal scanning અને sanitizer ની સુવિધા સાથે આપવામાં આવે છે. પરંતુ લગ્ન સમારોહમાં ૫૦ વ્યક્તિ જ્યારે અંતિમક્રિયા/અંતિમવિધી માટે ૨૦ વ્યક્તિઓની મર્યાદા તા.૨૦/૦૯/૨૦૨૦ સુધી યથાવત રહેશે.

4. તદ્ઉપરાંત નીચેની પ્રવૃતિઓને સોશીયલ ડિસ્ટન્સીંગ અને ફેસ કવર બાબતે આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય, ભારત સરકારના નિર્દેશો/ ગાઇડલાઇનને અનુસરવાની શરતે મંજુરી આપવામાં આવે છે:

| અ.નં | પ્રવૃત્તિઓ | કન્ટેન્ટમેન્ટ ઝોન સિવાયના વિસ્તાર માટે |
|---|---|---|
| ૧ | સીનેમા હોલ, સ્વીમીંગ પુલ, આનંદપ્રમોદના સ્થળો, થિયેટર અને સમાન પ્રકારના સ્થળો | ના.<br>તા.૨૧/૦૯/૨૦૨૦ થી ઓપન થિયેટરોને મંજુરી રહેશે. |
| ૨ | પાર્ક અને જાહેર બગીચાઓ | હા. |
| ૩ | હોટલો અને રેસ્ટોરન્ટો | હા. તા.૦૮ જુનથી અમલી SOP પ્રમાણે રાત્રિના કલાક ૨૩/૦૦ વાગ્યા સુધી ખુલ્લી રાખી શકાશે. Take away સુવિધા માટે કોઇ સમય મર્યાદા રહેશે નહિ. |
| ૪ | શોપીંગ મોલ્સ | હા. તા.૦૮ જુનથી અમલી SOP પ્રમાણે |
| ૫ | શોપ્સ (દુકાનો) | હા. કોઇ સમય મર્યાદા નથી. |

| | | |
|---|---|---|
| ૬ | બધા ધાર્મિક સ્થળો | હા. સામાજિક અંતર સાથે<br>તા.૦૮ જુનથી અમલી SOP પ્રમાણે. મોટી સંખ્યામાં જનમેદની/ કાર્યક્રમોને પરવાનગી નથી. |
| ૭ | ફેરીયાઓ | હા. (ULB દ્વારા નિર્ધારીત કરેલા વિસ્તારોમાં SOP પ્રમાણે) |
| ૮ | પુસ્તકાલયો | ૬૦% ક્ષમતા સાથે કાર્યરત |
| ૯ | GSRTC બસ સેવાઓ | હા. |
| ૧૦ | શહેરી બસ સેવાઓ | હા. કન્ટેન્ટમેન્ટ ઝોનની બહાર ૫૦% ક્ષમતા સાથે. |
| ૧૧ | ખાનગી બસ સેવાઓ | હા, GSRTCની સમાન SOP મુજબ સંચાલન કરવાની પરવાનગી( ક્ષમતાની ૫૦% બેઠક વ્યવસ્થા. ઉભા રહેવા પર પ્રતિબંધ) |
| ૧૨ | મેટ્રો રેલ સેવા | હા તા.૦૭/૦૯/૨૦૨૦ થી તબક્કાવાર રીતે મંજુરી આપવામાં આવશે.આ સંદર્ભમાં ભારત સરકારના Ministry of Housing and Urban Affairs દ્વારા SOP જારી કરવામાં આવશે. |
| ૧૩ | ઓટો રીક્ષાઓ | હા.( એક ડ્રાઇવર +બે પેસેન્જર ) |
| ૧૪ | કેબ, ટેક્ષીઓ, કેબ એગ્રીગેટર, ખાનગી વાહનો | હા.( એક ડ્રાઈવર+બે લોકો; જો બેઠક ક્ષમતા ૬ અથવા વધારે હોય તો એક ડ્રાઇવર + ત્રણ લોકોને પરવાનગી આપવામાં આવશે. ) |
| ૧૫ | દ્વિચક્રીય વાહનો | હા( ૧ +૧) |
| ૧૬ | ખાનગી ઓફિસો | સામાજિક અંતર સાથે પરવાનગી તેમ છતા, ઘરેથી કાર્ય કરવા પ્રોત્સાહન આપવું |

5. જાહેરમાં થુંકવા તથા જાહેરમાં યોગ્ય રીતે ચહેરો ન ઢાંકવા બદલ રાજ્ય સરકાર દ્વારા વખતના હુકમથી નિયત કરવામાં આવેલ દંડને પાત્ર રહેશે.

6. કેન્દ્રીય ગૃહ મંત્રાલય તથા ગુજરાત સરકારના વખતો વખતના હુકમોથી આપવામાં આવેલ આદેશો તથા માર્ગદર્શક સુચનાઓ આખરી રહેશે અને તમામે ચુસ્ત રીતે અમલ કરવાનો રહેશે.

## -:વિસ્તાર:-

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરેટ હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

## -:શિક્ષા:-

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ફોજદારી અધિનિયમ સને-૧૮૬૦ ની કલમ ૧૮૮, અને લાગુ અન્ય કાનૂની જોગવાઈઓ સહિત, **The Disaster Management Act, 2005** ની કલમ ૫૧ થી ૬૦ ની જોગવાઈઓ મુજબ શિક્ષાને પાત્ર થશે.

## -:જાહેર વિજ્ઞાપન:-

હું આથી આદેશ આપું છું કે, આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારોમાં સહેલાઇથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલ ચોંટાડી, લાઉડ સ્પીકર વાહન દ્વારા તેમજ સ્થાનિક વર્તમાન પત્રો, આકાશવાણી અને દૂરદર્શન કેન્દ્રો ઉપરથી પ્રસિધ્ધ કરાવવું.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ હેડ.કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના કોઇ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ફોજદારી અધિનિયમ સને-૧૮૬૦ ની કલમ ૧૮૮, અને લાગુ અન્ય કાનૂની જોગવાઈઓ સહિત, **The Disaster Management Act, 2005** ની કલમ ૫૧ થી ૬૦ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૦૧/૦૯/૨૦૨૦ ના રોજ મારી સહી અને સિક્કા કરી આપેલ છે.

( સંજય શ્રીવાસ્તવ)
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

**નકલ સવિનય રવાના :-**

(૧) અગ્ર સચિવશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર, ગુજરાત સરકાર.
(૨) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૩) પોલીસ મહાનિદેશક અને મુ.પો.અધિ.શ્રી. ગુ.રા.ગાંધીનગર.
(૪) અધિક પો.મહાનિદેશકશ્રી (ઇન્ટે), ગુ.રા.ગાંધીનગર.
(૫) પોલીસ કમિશનરશ્રી સુરત, વડોદરા, રાજકોટ શહેર.
(૬) મ્યુનિસિપલ કમિશનરશ્રી, અમદાવાદ શહેર.
(૭) નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રી, દાણાપીઠ, અમદાવાદ શહેર.
(૮) કલેકટરશ્રી, અમદાવાદ શહેર.
(૯) નિયામકશ્રી માહિતી ખાતુ, ગુ.રા.ગાંધીનગર.
(૧૦) સંયુક્ત માહિતી નિયામકશ્રી બેરેક નં.૩, આંબાવાડી પોલીટેકનીક, અમદાવાદ શહેર.

(૧૧) રજીસ્ટ્રારશ્રી, હાઇકોર્ટ, ગુ.રા.અમદાવાદ શહેર.

(૧૨) રજીસ્ટ્રારશ્રી, સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર.

(૧૩) રજીસ્ટ્રારશ્રી, સેશન્સ કોર્ટ, મીરજાપુર, અમદાવાદ શહેર.

(૧૪) ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ શહેર.

(૧૫) સિનિયર સરકારી વકીલશ્રી, અમદાવાદ શહેર.

(૧૬) ખાસ/સંયુક્ત/અધિક પોલીસ કમિશનરશ્રી,સેકટર-૧,૨/ક્રાઇમ બ્રાન્ચ/મુખ્ય મથક/ટ્રાફીકશાખા,

(૧૭) મેનેજરશ્રી, ગવર્મેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા તરફ ગેજેટ ભાગ-૧માં પ્રસિધ્ધ કરવા સારૂં તેમજ પાંચ નકલો અત્રે વિશેષ શાખાને મોકલી આપવી. અ,વાદ શહેર.

(૧૮) તમામ નાયબ પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેર.

(૧૯) નાયબ પોલીસ કમિશનરશ્રી(ઇન્ટે.), અમદાવાદ શહેર.

(૨૦) તમામ મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓ, અમદાવાદ શહેર.

(૨૧) જનસંપર્ક અધિકારીશ્રી, (સ્થાનિક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરવા )

(૨૨) તમામ પો.ઇન્સ.શ્રીઓ અમદાવાદ શહેર.(જાહેર જગ્યાઓએ નકલો ચોંટાડી લાઉડ સ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂં)

(૨૩) મ.પો.કમિ.શ્રી એસ.ઓ.જી.,અમદાવાદ શહેર.

(૨૪) પો.ઇન્સ.શ્રી રેલ્વે એસ.ઓ.જી, કાલુપુર રેલ્વે. સ્ટેશન, અમદાવાદ શહેર.

(૨૫) પો.ઇન્સ.શ્રી અમદાવાદ રેલ્વે પો.સ્ટે.

(૨૬) પો.સબ.ઇન્સ.શ્રી સાબરમતી રેલ્વે પો.સ્ટે.

(૨૭) **PRO, C.P. Ahmedabad website, twitter handle, Facebook page** વિગેરે **Social Media** ઉપર પ્રસિધ્ધ થવા બાબત